# વ્યાજખોરોના ત્રાસથી ધાનેરામાં યુવકે ટ્રેન નીચે પડતું મૂકી જિંદગી ટૂંકાવી

## ધાનેરામાં ઊંચા વ્યાજે નાણાં ધીરવાનો ધીકતો ધંધો : યુવક પાસેથી મળી આવી સુસાઇડ નોટ



ધાનેરા, તા.૮

ધાનેરા માં જાણે દિન પ્રતિદિન વ્યાજખોરો ત્રાસ જતો હોય તેમ લાગી રહ્યું છે ત્યારે આજે ધાનેરા માં એક યુવકે વ્યાજખોરો ના ત્રાસ થી ટ્રેન નીચે પડતું મૂકી જીવનનો અંત આણતા સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી છે

ધાનેરા માં રહેતા નિલેશભાઈ નામનો યુવક પાર્લર તેમજ ચાલી ની હોટલ ચલાવી પોતાનું અને પોતાના પરિવાર નું ગુજરાન ચલાવતો હતો પરંતુ આજે સાંજ ના સમયે આ યુવક ની લાશ ધાનેરા રેલવે સ્ટેશન થી ૨ કી મી ના અંતર થી મળી આવતા સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામ્યો હતો ધાનેરા ભીલડી રેલવે પોલીસ ના ભાવેશભાઈ તાત્કાલિક ઘટના સ્થળે આવી તાપસ કરતા મૃતક પાસેથી એક શુંશાઈડ નોટ મળી આવી હતી જેમાં લખ્યું હતું કે મમ્મી પપ્પા મને માફ કરજો મારા પાર દેવું વધી ગયું છે અને મારા થી આ દેવું ભરાઈ શકે તેમ નથી અને લોકો મને પૈસા આપવા માટે સમય પણ નથી આપતા અને જેની પાસે હું પૈસા મંગુ છું તે લોકો મારા પરિવાર ને પૈસા આપી મદદગાર બેન્જો તેમજ ધાનેરા માં ગુરુ જલધારા પ્લાન્ટ માં હું ભાગીદાર છે તેમજ તેના ભાઈ ને સંભોધઇ ને લખ્યું હતું કે ભાઈ તું મમ્મી પપ્પા ને સાચવજે અને તેમનું કીધું માનજે....... આ સુસાઈડ નોટ જોઈ પોલીસ પણ ચોકી ગઈ હતી અને મૃતક ની લાશ નું પંચનામું કરી લાશ ને પી.એમ અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડી લાશ નું પી.એમ કરી લાશ વળી વરસ ને સુપરત કરી હતી. તો બીજી તરફ લોકો જણાવી રહ્યા છે કે ધાનેરા માં વ્યાજ ખોરો નો ત્રાસ વધી ગયો છે અને વ્યાજ ખોરો ગરીબ લોકો પાસેથી ૧૦ ટાકા થી લઈ ૩૦ ટાકા સુધી નું વ્યાજ વસુલ કરે અને આ બાબતે ધાનેરા ના એક જાગૃત નાગરિક ધ્વરા પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી હતી માટે પોલીસ આવા વ્યાજ ખોરો સામે લાલ આંખ કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે અને આ યુવકે ક્યાં વ્યાજ ખોર ના ત્રાસ થી આત્મહત્યા કરી છે તેતો પોલીસ તાપસ બાદ જ બહાર આવશે.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ઉનાળામાં નિયમિત પાણી વિતરણનું આયોજન

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ઉનાળાને ધ્યાને લઈને પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પાણીની સમસ્યાને લઈને આગોતરા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે અને નગરજનોને ઉનાળામાં પડતી પાણીની સમસ્યા દૂર થશે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આ વર્ષે નગરજનોની પ્રાથમિક સુવિધા એવી પાણીની ઉનાળામાં પાણીનો વપરાશ વધતાં નગરજનોને પાણી મળી રહે અને ઘરે-ઘરે નિયમીતપણે પાણી મળે તે માટે પહેલાથી જ એક્શન પ્લાન્ટના શ્રીગણેશ કરી દેવામાં આવ્યા છે અને પ્રાંતિજ ભાંખરીયા ખાતે આવેલ સંપમાં હાલ ૩૫ની નવી એકસ્ટ્રા સબમર્સીબલ મોટર મુકવામાં આવી છે. સાઈડમાં ચારની લાઈનો પાઈપ પણ જોઈંટ કરવામાં આવેલ છે. જ્યારે અત્યારે હાલ પાંચ કલાકમાં સંપથી ટાંકી ભરવામાં આવે છે જયારે ૩૫ની નવી સબમર્સીબલ મોટર દ્વારા માત્ર બે થી અઢી કલાકમાં ટાંકી ભરાઈ જશે અને હાલ દસ લાખ લીટરની જગ્યાએ વીસ લાખ લીટર પાણી મળશે જેથી પ્રાંતિજ બજાર ચોક, વ્હોરવાડ, લાલ દરવાજા, સોસાયટીઓ સહિત વિસ્તારોમાં પાણી નગરજનોના બીજા માળે સુધી નિયમિત મળી રહેશે અને ચમારવાસ ખાતે પણ દસ એક દિવસમાં આજ રીતે ત્યાં પણ મોટર અને પાઈપ દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે અને તે વિસ્તારમાંથી પણ પાણીનો ફોર્સ મળી રહેશે જેથી ઉનાળાની કાળઝાળ ગરમીમાં નગરજનોને પાણી માટે વલખાં નહી મારવાં પડે તેવું નગરપાલિકાના પ્રમુખ નિરવભાઈ પરીખ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. જયારે પ્રાથમિક સુવિધા એવી પાણીનો કકળાટ દૂર થશે એવા સમાચાર પણ વાયુવેગે નગરજનોમાં પ્રસરી જતાં નગરજનોમાં પણ ખુશીની લહેર જોવા મળી છે.



## વૃદ્ધ મહિલાઓ મતદાન માટે પહોંચી

મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ખરાખરીના જંગ જામ્યો છે. બોલુન્દ્રા ગ્રામ પંચાયત સર કરવા સરપંચ પદ અને વોર્ડના સભ્યોએ જીત મેળવવા કમર કસી હતી. તેમની મહેનત જાણે રંગ લાવી હોય તેમ ગ્રામજનો સહિત વૃદ્ધ મહિલાઓ પણ લાકડીના ટેકે અને એકબીજાને સહારે મતાધિકારનો ઉપયોગ કરવા મતદાન મથકે પહોંચી મતદાન કર્યુ હતુ. વૃદ્ધ મહિલાઓનો મતાધિકાર માટેનો હોંસલો જોઈ બુથ નિરિક્ષકો પણ અચંબીત થઈ ગયા હતા

# મોડાસા તાલુકાની ૬ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં શાંતિપૂર્ણ મતદાન યોજાયું

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાની ૬ ગ્રામ પંચાયતોના સરપંચ તેમજ વોર્ડ બેઠકની સવારથી જ મતદાન મથકે ઉમટી પડી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગ્રામ પંચાયતની ચૂંટણીઓ શાંતિપૂર્ણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર ગુજરાતમાં શનિવારે મુદત પૂર્ણ થયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં



અરવલ્લી જિલ્લામાં પણ ૬ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ અને વોર્ડના સભ્યોની માટેની ચૂંટણી વહીવટીતંત્રએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં મતદારો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સામાન્ય ચૂંટણી શનિવારે સવારે ૮ થી ૫ દરમ્યાન યોજાઈ હતી. જિલ્લાની ૧૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી સમરસ થતા અન્ય ૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં કસમેકસ જંગ જામ્યો હતો. ઉનાળાની ગરમીથી બચવા મતદાતાઓ વહેલી માહોલમાં સંપન્ન થતા વહીવટીતંત્રએ રાહતના શ્વાસ લીધા હતા. મંગળવારે સવારે તાલુકા મથકોએ મત ગણતરી યોજાશે.

અરવલ્લી જિલ્લાની ૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે સવારે ૮ કલાકે મતદાન શરૂ થતા મતદારોમાં આયોજન કર્યુ હતુ. મોડાસા તાલુકાના માથાસુલિયા ગામે અને વણીયાદ ગામે સરપંચ પદ માટે ભારે રસાકસી મચી હોય તેમ મતદારોને છેલ્લી ઘડીએ તેમના તરફી કરવા એડી ચોટીનું જોર લગાવતા નજરે ચડતા હતા.

# મેઢાસણ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

મેઢાસણ, તા. ૮

રાજ્ય સરકાર દ્વારા પારદર્શક સંવેદનશીલ અને વહીવટીતંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટી તંત્રમાં વધારાની વ્યવસ્થા તરીકે રાજ્યના નાગરીકોને સ્પર્શતી વ્યક્તિગત રજૂઆતોની સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે મેઢાસણ તાલુકાનો પ્રાંત કક્ષાનો તાલુકા વાઈઝ સેવાસેતુ કાર્યક્રમ યોજવા રાજ્ય સરકારે ઠરાવેલ છે. જે અન્વયે મેઝાસણ ખાતે સેવાસેતુ કાર્યક્રમ તા. ૭-૪-૨૦૧૭, શુક્રવારના રોજ સવારે ૯ કલાકે પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ ૧૩૯૨ પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તેમજ જિલ્લાના અધિકારીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરા તાલુકાની ૩૩ ગ્રામ પંચાયતની ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

ધાનેરા, તા.૮

ધાનેરા તાલુકા ની ૩૩ ગ્રામ પંચાયત ની ચૂંટણી નું મતદાન



શાંતિપૂર્ણ માહોલ માં સંમ્પન થયું હતું અને લોકો એ પણ ખુબજ ઉત્સાહ સાથે મતદાન કર્યું હતું જેમાં ૩૩ ગ્રામપંચાયત નું કુલ મતદાન ૮૫ ટાકા કરતા પણ વધુ નોંધાયું હતું

ધાનેરા તાલુકાના ની ૩૩ ગ્રામ પંચાયતોની ચુટણીનુ મતદાન સનિવારે ૮૫ મતદાન મથકો પર યોજવામાં આવ્યુ હતુ અને વહેલી સવારથી તમામ ગામોમાં મતદાન મથકો પર લોબી લોબી કતારો જોવા મળી હતી જ્યારે ગ્રામ પંચાયતનુ મતદાન હોવાથી લોકો પણ ઉત્સાહભેર મતદાન કરવા માટે મતદાન મથકો ઉપર આવતા નજરે પડ્યા હતા જ્યારે બીજી તરફ કોઈ અનહોની ઘતના ના બને તે માટે ધાનેરા પોલિસ દ્વારા સતત પેટ્રોલિંગ પણ રાખવામાં આવેલ અને મામલતદાર ની ટીમ દ્વારા પણ ક્યાંય ખોટુ મતદાન ના થાય તેવી તકેદારીઓ રાખવામાં આવી હતી. અને સાંજ સુધીમાં ધાનેરા તાલુકાનુ સરેરાસ મતદાન૮૫ ટાકા કરતા પણ વધુ થવા પામ્યુ હતુ.

# બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો અને પશુપાલકોએ વૈશ્વિક કક્ષાએ જિલ્લાનું નામ રોશન કર્યુ છે



પાલનપુર, તા. ૮

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના હસ્તે ચાર દિવસીય કિસાન મહાકુંભ અને કૃષિ મેળાનો ઉત્સાહભર્યા માહોલમાં શાનદાર પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે અધ્યક્ષે જણાવ્યું કે વિકાસપુરૂષ તરીકે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનથી વિકાસ અને સુશાસનનાં ફળ દેશભરમાં છેવાડાના વ્યકિતઓ અને વિસ્તારો સુધી સરળતાથી પહોંચી રહ્યાં છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદીની દિર્ઘદ્રષ્ટી અને સંગીન પ્રયાસોને લીધે દેશમાં તમામ ક્ષેત્રોમાં વિકાસકૂચ વેગવંતી બની છે તે સાથે લાકોની આવક અને સુખાકારીમાં પણ નોંધપાત્ર પ્રગતિ જોવા મળે છે. તેમણે કોંગ્રેસ પર વેધક કટાક્ષ કરતાં કહ્યું કે કોંગ્રેસે ખેડૂતોને ગરીબ અને પછાત રાખવાનું પાપ કર્યુ છે.

પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજય સરકારશ્રી દ્વારા અભિયાન સ્વરૂપ કામગીરી કરીને વણથંભી વિકાસયાત્રાને સફળતાપૂર્વક આગળ વધારવામાં આવે છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સંખ્યાબંધ મહત્વના નિર્ણયો લઈ વિકાસકૂચ વેગવંતી બનાવી છે. તેમણે કહ્યું કે આ સરકાર ખેડૂતોના સર્વાંગી અને ઝડપી વિકાસ માટે મક્કમ રીતે સક્રિય અને સંકલ્પબધ્ધ છે.

# રામપુર ખાતે નવચંડી હવનમાં ભાવિકો ઉમટયા

પ્રાંતિજ, તા.૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના રામપુરા સોનાસણ સીમાડામાં આવેલ ૬૦૦ વર્ષ પુરાતન ભગવતી વહાણવટી માતાનાં મંદિરનો પાટોત્સવ અને ચૈત્રી આઠમ નિમિતે ભવ્ય નવચંડી હોમ હવન ભજન તથા રામદેવપીર મહારાજના જયોત પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માઈસેવક ડાહ્યાભાઈ તથા નરસિંહભાઈ પ્રજાપતિ તથા શકિત ઉપાસક મનુભાઈ રામપુરા વાળા અને માતાજીનાં સેવકગણો દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ પંથક પ્રજા અને શાળાનાં ભુલકાઓને ભોજન, શૈક્ષણિક કિટ આપવામાં આવ્યાં હતાં. સલાલ રામાપીર મંદિરના મહંત શ્રી હરિચરણદાસ બાપુ દ્વારા નેજાધારી રામદેવપીર મહારાજનો જયોત પાઠ કરવામાં આવ્યો હતો. અમદાવાદ, વડોદરા, મહેસાણા, બનાસકાંઠા સહિતના જિલ્લાઓમાંથી અસંખ્ય ભકતોએ આઠમના હવનનો તેમજ દર્શન, મહાપ્રસાદનો લાભ લીધો હતો. પુરાતન આ માના ધામે દર પૂનમે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનાં આયોજનો ડાહ્યાભાઈ પ્રજાપતિ તથા કાન્તિભાઈ મહારાજ વગેરે દ્વારા કરવામાં આવે છે.



ઈડરના જાદર ખાતે શનિવારે રાત્રે ઘર ઘર સ્વચ્છતાનો વાયરો સ્વાભિમાન સાબરનો શાહી ડાયરો કાર્યક્રમ યોજાયેલ જેમાં વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા, જીલ્લા કલેકટર પી. સ્વરૂપ અને જીલ્લા પોલીસ વડા પ્રવીણ માલ સહીત ગ્રામજનોએ સ્વચ્છતાની પ્રતિજ્ઞા લઈ ગામને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા સંકલ્પ દાખવ્યો હતો. સ્વચ્છતાના મેળામાં સાબરકાંઠાના સાદને ઉજાગર કરતા લોક ગાયકો ડાયરામાં રમઝટ જમાવી હતી અને સાબરની સાંસ્કૃતિક ઉજાગર કરતા લોક ગરબાની પણ અનોખી રજૂઆત અને વૈશ્વિક ઓળખ તરીકે ઉભી થયેલ ડેડિયાપાડાના આદિવાસી કલાકારો ધ્વારા ટીમલી નૃત્ય અને માનગઢના આદિજાતિ કલાકારો કલાનું રસપાન આસપાસના ગામના ગ્રામજનોએ કર્યુ હતું.

# સાબરકાંઠાના જાદરમાં રાજ્યનો પ્રથમ સ્વચ્છતાનો મેળો યોજાયો

જાદર, તા. ૮

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાને સંપૂર્ણ સ્વચ્છ





અને શૌચાલયયુક્ત બનાવવાના શુભ આશયથી ગામે ગામ સ્વચછતાનો સંદેશ પંહોચે તે માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા રાજયમાં સૌ પ્રથમવાર સાબરકાંઠાના ઈડર તાલુકાના જાદર ખાતે શનિવારે રાત્રે સ્વચ્છતાનો અનોખો મેળો યોજાયો હતો.

ગ્રામ વિકાસ કમિશ્નર કચેરી ગાંધીનગરની પ્રેરણા અને જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ અને યુનિસેફના સહયોગથી ડી.આર.ડી.એ ધ્વારા શોશીયલ બિહેવિયલ એન્ડ કોમ્યુનિકેશન કાર્યક્રમના ભાગરૂપે ઘર ઘર સ્વચ્છતાનો વાયરો ફૂંકાય તે માટે સ્વાભિમાની સાબરનો શાહી ડાયરાને વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સાબરકાંઠા જિલ્લાને સંપૂર્ણ સ્વચ્છ બનાવવાના સંદેશો પાઠવતા અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે રાજયમાં સૌ પ્રથમવાર પાયલોટ પ્રોજકેટ તરીકે ઈડરના જાદર ગામની પસંદગી કરવામાં આવી છે તે એક ગૌરવની વાત છે. જેના થકી અન્ય જિલ્લામાં પણ આ પ્રકારની કામગીરી કરવા માટે પ્રેરણારૂપ સાબિત થશે. વધુમાં તેમણે ઉમેર્યુ હતુ કે, જિલ્લો સંપૂર્ણ શૌચાલયયુક્ત તો બન્યો છે પરંતુ તેની સાથે શૌચાલયનો ઉપયોગ થાય તે પણ જરૂરી હોવાનું જણાવ્યુ હતું. આ અંગે જિલ્લા કલેકટર પી. સ્વરૂપે જણાવ્યું હતુ કે, સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ તબક્કામાં શૌચાલય નિર્માણની કામગીરી સફળરૂપ પુરી કરવામાં આવી છે. તેના બેઝલાઈન સર્વેના આધારે બાકી રહેતા પરીવારોને શૌચાલય બનાવવાની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યુ હતું. જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસે ગામે ગામ સ્વચ્છતાની આદત કેળવાય અને સ્વચ્છ સાથે સ્વસ્થ્ય ગામનું નિર્માણ થાય તેવો આશય આ ડાયરાના માધ્યમથી કરવામાં આવ્યો છે.

સ્વચ્છતાના મેળામાં સામેલ થનાર લોકોને સ્વચ્છતાને લગતા ટી-શર્ટ ને ટોપીની સાથે તેમને તિલક કરી સ્વચછતાની રાખડી બાંધી ગામની સફાઈ માટે પ્રતિબધ્ધ કરવામાં આવ્યા છે. તેમની નજર સામે રોજ રોજ સફાઈની પ્રેરણા મળી રહે તે માટે કેલેન્ડર પણ આપવામાં આવ્યા છે. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત સૌ મહાનુભવો અને ગ્રામજનોએ સ્વચ્છતાની પ્રતિજ્ઞા લઈ ગામને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા સંકલ્પ દાખવ્યો હતો. સ્વચ્છતાના મેળામાં સાબરકાંઠાના સાદને ઉજાગર કરતા લોક ગાયકો ડાયરામાં રમઝટ જમાવી હતી તો વળી સાબરની સાંસ્કૃતિક ઉજાગર કરતા લોક ગરબાની પણ નોખી રજૂઆત અને વૈશ્વિક ઓળખ તરીકે ઉભી થયેલ ડેડિયાપાડાના આદિવાસી કલાકારો ધ્વારા ટીમલી નૃત્ય અને માનગઢના આદિજાતિ કલાકારો કલાનું રસપાન આસપાસના ગામના ગ્રામજનોએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં જાદરના સરપંચ સોનલબેન વણકર, દરામલી સરપંચ હેતલબેન દેસાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચાના કાર્યકરોનું સંમેલન યોજાયું

## જિલ્લા પ્રભારી અને નવનિયુક્ત પ્રદેશ યુવા મોરચા મંત્રી, દેશને શ્રેષ્ઠ પંચાયત મોડેલ આપનાર હિમાંશુ પટેલનું ભવ્ય સ્વાગત કરાયું

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચાના કાર્યકર્તાઓની બેઠક મોડાસા ખાતે યોજાતા નવનિયુક્ત પ્રદેશ યુવા મોરચા મંત્રી અને દેશના શ્રેષ્ઠ સરપંચ તરીકે દસ વર્ષ પુંસરી ગ્રામ પંચાયતમાં સેવા આપનાર હિમાંશુ પટેલનું અરવલ્લી જિલ્લા પ્રભારી તરીકે આ કાર્યક્રમમાં યુવા મોરચા દ્વારા ભવ્ય સન્માન કરાયું હતું. અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ અનિલભાઈ પટેલ અને સાથી કાર્યકરોએ ખેસ પહેરાવી પ્રદેશ મંત્રી અને આ જિલ્લાના પ્રભારી હિમાંશુ પટેલનનું ભવ્ય સ્વાગત કરી તેમને આવકાર્યા હતા. આ પ્રસંગે ગામડાઓમાં શ્રેષ્ઠ વિકાસ દ્વારા દેશને એક શ્રેષ્ઠ પુંસરી ગ્રામ પંચાયતનું જે મોડેલ દેશને આપ્યું છે અને દેશના અનેક રાજ્યોમાં જઈ તેમના આ મોડેલનો દેશની વિવિધ ગ્રામ પંચાયતોને પણ માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડી છે તેવા હિમાંશુ પટેલે



આ પ્રસંગે મોડાસાના કાર્યક્રમમાં પોતાના અનુભવનું ભાથું પીરસીને સૌ કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યકર્તા બેઠકમાં તમામ ૬ તાલુકા અને બે શહેર મંડલમાંથી યુવા મોરચાના કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ અનિલ પટેલ ઉપરાંત મહામંત્રી સંજય જયસ્વાલ, અનિરૂધ્ધસિંહ ચૌહાણ, પુર્વ જિલ્લા યુવા મોરચા ઉપપ્રમુખ પરેશભાઈ પટેલ સહિત અપેક્ષિત કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પ્રદેશની સૂચના મુજબના એજન્ડા અને આગામી દિવસોમાં આવનાર કાર્યક્રમો અંગે પણ કાર્યકર્તાઓને અવગત કરાયા હતા.